આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૧૯-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## રાષ્ટ્રપતિની જયપુર મુલાકાત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે સંશોધન અને વિકાસના ક્ષેત્રમાં મહિલાઓની વધુ ભાગીદારી દેશના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ માટે જ નહીં, પરંતુ મહિલાઓના જીવનની ગુણવત્તા સુધારવા માટે પણ જરૂરી છે. શ્રીમતી મુર્મુ ગઈકાલે માલવિયા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી – MNIT જયપુર ખાતે 18મા દીક્ષાંત સમારોહને સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, જો મહિલાઓને સમાન તકો આપવામાં આવે તો તેઓ મોટી સફળતાઓ હાંસલ કરી શકે તેમ છે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------------

## ઉપરાષ્ટ્રપતિ-"RE INVEST સમિટ

ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા "RE INVEST-2024" પરિષદનો સમાપન સમારોહ ગઈકાલે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની અધ્યક્ષતામાં યોજાયો હતો. ઉપરાષ્ટ્રપતિએ આ ક્ષેત્રના મહત્વ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, પર્યાવરણનું જતન કરીને સમગ્ર વિશ્વને બચાવવા માટે ભારતે વૈશ્વિક મહાયજ્ઞનું આહ્વાન કર્યું છે, જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જાને અપનાવીને દરેક નાગરિક આહુતિ આપે, તેવો તેમણે અનુરોધ કર્યો હતો.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, વર્તમાનમાં આબોહવા પરિવર્તન એક મોટો વૈશ્વિક પડકાર છે ત્યારે રિન્યુએબલ ઊર્જાના ક્ષેત્રમાં મહાત્મા મંદિરમાં ત્રણ દિવસ દરમિયાન થયેલું વૈશ્વિક ચિંતન યોગ્ય

સમયે, યોગ્ય દિશાનું ચિંતન છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'વન સન, વન અર્થ, વન ગ્રીડ' ના વિઝનને વેગ આપશે, તેવો વિશ્વાસ આ સમિટના સમાપન પ્રસંગે વ્યક્ત કર્યો હતો.

(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)

---

## એક રાષ્ટ્ર,એક ચુંટણીને મંજુરી

કેન્દ્ર સરકારે દેશભરમાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એક સાથે યોજવા માટેનાં પ્રસ્તાવને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં ગઈકાલે પત્રકાર પરિષદમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ભૂતપુર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનાં અધ્યક્ષપદે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ રાજકીય પક્ષો અને નિષ્ણાતો સાથે આ અંગે સઘન ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, એક રાષ્ટ્ર એક ચૂંટણીનો અમલ બે તબક્કામાં થશે. પ્રથમ તબક્કામાં, લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી યોજાશે, જ્યારે ત્યાર બાદનાં 100 દિવસની અંદર પંચાયત અને નગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી યોજાશે.

(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)

---

## સેવા સેતુ કાર્યક્રમ

**રાજ્યના પ્રજાજનોના વ્યક્તિગત પ્રશ્નો અને સેવાઓ તેમના રહેઠાણના નજીક સ્થળે, એ જ દિવસે પ્રાપ્ત થઇ શકે તેવા ઉમદા હેતુને ધ્યાને લઇ નગરપાલિકા કક્ષાએ દસમાં તબક્કાનો "સેવા સેતુ" કાર્યક્રમ યોજાશે.**

**નાગરિકોને ઘરઆંગણે એક જ સ્થળેથી 55 જેટલી સરકારી સુવિધા પુરી પાડવા સમગ્ર રાજ્યમાં ગઇકાલથી સેવા સેતુ કાર્યક્રમનો આરંભ થયો છે.જેના અનુસંધાને ભુજ નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૦૧ થી ૦૬ ના નાગરિકો માટે સેવા સેતુ કાર્યક્રમ આવતીકાલે સેતુ ઓફીસ, સરપટ નાકા બહાર, ભુજ ખાતે સવારના ૯.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. નાગરિકોની**

અરજીઓ આધાર પુરાવા સાથે બપોરે ૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ મળેલી અરજીઓમાંથી નિકાલ થઇ શકે તેવી અરજીઓનો એ જ દિવસે નિકાલ કરવામાં આવશે.

ભુજ શહેરના નાગરિકોએ સરકારની વિવિધ સેવાઓના લાભ લેવા જરૂરી આધારપુરાવા સાથે કાર્યક્રમ' સ્થળે ઉપસ્થિત રહેવા ભુજ નગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

(માહિતી ખાતુ/શીતલ વૈશ્નવ)

--------------------------------------------------------------------------------

## ધુમકેતુ નવલિકા પુરસ્કાર

ધૂમકેતુ પરિવાર અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય પરિવારના સંયુક્ત ઉપક્રમે દર વર્ષે શ્રેષ્ઠ નવલિકા સંગ્રહ માટે લેખકને ધૂમકેતુ નવલિકા પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે, એ  અંતર્ગત સાત ગુજરાતી વાર્તાકારોને પુરસ્કૃત કરાયા હતા. અમદાવાદમાં આયોજિત વિશેષ સમારોહમાં કચ્છના જાણીતા સર્જકો રાજેશ અંતાણી, અજય સોની તથા જયંત રાઠોડને પણ ધૂમકેતુ એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા.

(NP/શીતલ વૈશ્નવ)

--------------------------------------------------------------------------------

## બળવંતરાય મહેતાની પુણ્યતીથી

ગુજરાતના બીજા મુખ્ય મંત્રી અને પંચાયતી રાજ્યના પ્રણેતા બળવંત રાય મહેતાની આજે 59મી પુણ્યતિથી છે. 1965નાં ભારત પાકિસ્તાન યુદ્ધ સમયે તેઓ ખાસ વિમાનમાં સરકારી કાર્યક્રમમાં ભાગ લેવા મીઠાપુર જતા હતા. ત્યારે પાકિસ્તાની  લડાયક વિમાને તેમના  વિમાનને કચ્છ સરહદે તોડી પાડ્યું હતું. અબડાસા તાલુકાનાં સુથરી  નજીક તેમનું વિમાન તુટી પડતાં  મુખ્ય મંત્રી તેમનાં

પત્ની અને અન્ય લોકોનાં મોત નીપજ્યા હતાં. સુથરી નજીક દરિયા કિનારે સદગત મહેતાનું સ્મારક ઉભુ કરાયું છે.

**(શીતલ વૈશ્નવ/ચંદ્રવદન પટ્ટણી)**

---

## ક્રિકેટ-ટેસ્ટ મેચ

**આજે ચેન્નાઇના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રોહિત શર્માનાં કેપ્ટનશીપ હેઠળની ભારતીય ક્રિકેટ ટીમ બાંગલાદેશ સામે શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ રમશે. મેચ આજે સવારે સાડા નવ વાગ્યે શરૂ થશે.**

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## હવામાન

કચ્છમાં ભાદરવી તાપનો પ્રભાવ સતત વધતો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજ્યમાં રાજકોટ પછી ભુજ અને કંડલા(એરપોર્ટ) માં મહત્તમ તાપમાન 36 ડિગ્રી નજીક પહોંચતા સંયુક્ત રીતે બીજા નંબરના સર્વાધિક ગરમ મથક બન્યા હતા.

**(NP/શીતલ વૈશ્નવ)**

---